# ડીસામાંથી નકલી ઘીનો જથ્થો ઝડપાયો

ડીસા, તા.૧૪

આજ રોજ બપોરના સમયે ડીસા રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ ગજાનન ઘી ફેકટરી પર ગાંધીનગર ફુડ વિભાગની એક ટીમે દરોડો પાડયો હતો. ગજાનન પ્રોડકટ નામે ચાલતી ફેકટરીમાં વવિધ બ્રાંડના માર્કા વાળું ઘી પાંચસો ગ્રામ અને કીલોના ટીનમાં 'નોન એડીબલ' માર્કા હઠળે અહીં બનાવી મુકત બઝાર વેચાતું હતું. જો કે બાતમી આધારે ફુડ વિભાગ ગાંધીનગરની ટીમે દરોડો પાડી ઘીનો વિપુલ જથ્થો ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરેલ છે.


(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલી ગજાજન પ્રોડકટ નામની ફેકટરી આવેલ છે જેમાં ફુડ અને ડ્રગ્સ વિભાગના નિયમો વિરુદ્ધની ઘી બનાવટની પ્રોડકટોનું ઉત્પાદન અને વેચાણ થાય છે તે મતલબની બાતમી આધારે આજે બપોરે આ ફેકટરીમાં ગાંધીનગર ફુડ એન્ડ ડ્રગ વિભાગ આઈ.બી.ના સીનીયર ફુડ સેફટી ઓફિસર એસ.એમ. રાવ તેમજ ફુડ વિભાગના બી.જે. પટેલ અને એસ.એ., ઓઢી ટીમે દરોડો પાડયો હતો. આ દરોડામાં ફેકટરીમાંથી શ્રીનાથ અને ગજાનન માર્કા વાળા અનેક ઘીના નાના મોટા ટીન મળી આવ્યા હતા. અને ઘી પર તંત્ર અને લોકોને ભ્રમિત કરવા અંગ્રેજીમાં 'નોન એડીબલ ઓઈલ' લખી વેચાણ કરી નફો મેળવાઈ રહ્યો હોવાનો ફુડ વિભાગે શક વ્યકત કર્યો હતો. આ જથ્થો મુકત બજારમાં શુદ્ધ ઘીના નામે વેચાતો હોવાની શંકા અને આ ઘી બનાવટમાં વનસ્પતિ ઘી સહીતની અનેક ચીજવસ્તુઓ ભેળસેળ કરાતી હોવાની માન્યતાના આધારે ફુડ વિભાગના તપાસ અધિકારીએ તમામ જથ્થો જપ્ત કરવા તજવીજ હાથ ધરી છે. આ જથ્થો ફેકટરી માલિક પ્રતિ લીટર કીં. રૂ. ૭૦થી વેચતા હોવાનું જણાવતા હોઈ ફુડ વિભાગ અધિકારીએ કુલ ૩૧૪૫ લીટર કીં. રૂ. ૨,૨૦,૧૫૦ ગણી જપ્ત કરેલ છે. આ દરોડાથી ઘી તેલના વહેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

જયારે બીજી તરફ ગજાનન ફેકટરીના ભાગીદાર જગદીશભાઈ ઠકકરે તેમની આ ઘી બનાવટો માત્ર પૂજન, દીવાબત્તી, પૂજાપાઠ, હવન, સામગ્રી પેટે તેઓ દ્વારા વેચાણ થતી હોવાની રજૂઆત કરી ફુડ વિભાગની થઈ રહેલી કામગીરીને અયોગ્ય ગણાવી હતી.

જો કે ડીસા પંથકમાં અગાઉ પણ શુદ્ધ ઘીના નામે અનેક નિત નવા માર્કા વાળો ઘીનો જથ્થો ઝડપાયેલ છે. અને એફ.એસ.એલ.માં તાજેતરમાં આવા એક ઝડપાયેલા જથ્થાનો રીપોર્ટ 'પોઝીટીવ' આવતા શહેર પોલીસે ગુનો નોંધ્યો હતો. ત્યારે હાલનો ઝડપાયેલો જથ્થો ખરેખર કેવા કામે વપરાતો હતો તેની ફુડ વિભાગે સેમ્પલ લઈ જથ્થો જપ્ત કરી તપાસ હાથ ધરેલ છે.

# હિંમતનગર પાસે સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં ૩ના મોત

## રાજસ્થાનનો પરિવાર કુવેત જતા પુત્રને અમદાવાદ એરપોર્ટ ઉપર મુકી પરત ફરી રહ્યો હતો ત્યારે અકસ્માતનો ભોગ બન્યો

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગરથી ૪ કિ.મી. દૂર શામળાજી નેશનલ હાઈવે ઉપર સહકારી જીન ચાર રસ્તા પાસે એક જીપ ટ્રકની પાછળ ધડાકાભેર અથડાતાં જીપમાં બેઠેલા ૧૦ મુસાફરો પૈકી ત્રણના ઘટના સ્થળે કરૂણ મોત નીપજ્યા હતા. જ્યારે ૭ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. રાજસ્થાનના ખેરવાડાનો પરિવાર પુત્ર કુવેત જતો હોઈ તેને અમદાવાદ એરપોર્ટ ઉપર મુકીને પરત ફરી રહ્યા હતા. ત્યારે વહેલી સવારે અકસ્માતનો ભોગ બન્યા હતા.



અકસ્માતના બનાવની વિગત અનુસાર રાજસ્થાનના ખેરવાડા પાસે આવેલા સરેરાનો એક પરિવાર પુત્ર કુવેત જતો હોઈ તેને અમદાવાદ એરપોર્ટ ઉપર મેક્ષ જીપમાં મુકવા ગયા હતા. વહેલી સવારે પુત્રને પ્લેનમાં બેસાડી પરિવારના સભ્યો પરત ખેરવાડા જઈ રહ્યા હતા. ત્યારે હિંમતનગર- શામળાજી નેશનલ હાઈવે ઉપર હિંમતનગર પાસે સહકારી જીન ચાર રસ્તા ઉપર ટ્રકની પાછળ જીપ ટકરાતાં જીપના ફુરચા બોલી ગયા હતા. અકસ્માતમાં સંજય વકસીભાઈ ભગોરા (ઉ.૨૨) રહે. વલીસા, ખેરવાડા, બંસીલાલ હીરાજી પરમાર (ઉ.૩૫) રહે સરેરા, ખેરવાડા અને સંજુબાબેન ઉમેદભાઈ પરમાર (૨૫) રે. સરેરા ખેરવાડાનું ઘટના સ્થળે કરૂણ અને કમકમાટી ભર્યા મોત નીપજ્યા હતા. જયારે પરિવારના સાત સભ્યોને ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક ૧૦૮ દ્વારા હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે આવી અકસ્માતમાં મૃત્યુ પામનારના મૃતદેહો પોસ્ટમાર્ટમ માટે મોકલી આપી ટ્રક ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# ઉત્તર ગુજરાત ક્ષત્રિય સમાજનો ૧૩મો સમુહ લગ્નોત્સવ મહુડી ખાતે યોજાશે

પ્રાંતિજ, તા.૧૪

ઉત્તર ગુજરાત ક્ષત્રિય સમાજનો ૧૩મો સમૂહ લગ્નોત્સવ તા. ૨૦મી મે ૨૦૧૩ને સોમવારના રોજ તીર્થધામ મહુડી ખાતે યોજાશે. જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો નવદંપતિઓને આર્શીવાદ આપવા હાજર રહેશે.

મળતી માહિતી પ્રમાણે મહુડી ખાતે યોજાનાર ક્ષત્રિય સમાજના ૧૩મા સમૂહ લગ્નોત્સવમાં ૫૦થી વધુ નવયુગલો પ્રભુતામાં પગલા માંડે તેમજ દર વર્ષની જેમ સમૂહલગ્નમાં ઉમદા હાથે દાન કરનાર દાતાઓના સન્માન અને સમાજના વિશિષ્ટ પ્રતિભાશાળી સેવકોનું પણ સન્માન કરવામાં આવશે. તેમજ સમાજના લોકો અને મહેમાનોને લગ્નોમાં સહેજ પણ તકલીફ ન પડે તે માટે સમિતિઓ, પેટા સમિતિ સહિત સેવાભાવી લોકોની નિમણુંક કરી જડબેસલાક વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગે સમાજના લોકો ઉપસ્થિત રહીને સમાજકાર્યને સફળ બનાવશે.

# પ્રાંતિજના તાજપુર ગામે ચિકનગુનિયા એ માથું ઉંચકતા લોકોમાં ભય

પ્રાંતિજ, તા.૧૪

પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે ચિકનગુનિયાના રોગે ફરીથી માથું ઉંચકતા લોકોમાં ભય ફેલાયો છે. તાવની સાથે સાથે હાથપગના સાંધા જકડાઈ જવાની બિમારીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે.

તાજપુર ગામમાં છેલ્લા અઠવાડીયાથી ચિકન ગુનિયાના રોગના ઝપેટામાં લોકો આવી ગયા છે. મજરા ખાતે આવેલ આરોગ્ય વિભાગના દવાખાનામાં સારવાર માટે લોકો દોડી આવ્યા હતા. ચિકનગુનિયાના રોગમાં ૨૦થી પણ વધારે લોકો સપડાયેલા છે. મજરા, પ્રાંતિજ અને અમદાવાદના ખાનગી દવાખાનામાં લોકો સારવાર માટે દોડી ગયા હતા. દર્દીઓના શરીરના સાંધા જકડાઈ ગયા હતા. જેનું નિદાન કરતાં ચિકનગુનિયા હોવાનું માલુમ પડયું હતું. જયારે તાજપુર ગામે ચિકનગુનિયા ઘર કરી ગયો છે. ઘરે ઘરે આ રોગના દર્દીઓ જોવા મળે છે. ચિકનગુનીયાને આરોગ્યતંત્ર દ્વારા જલ્દી કાબુમાં લેવા તેમ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. તેમજ આ રોગમાં સપડાયેલા દર્દીઓને યોગ્ય સારવાર અને દવા મળે તેવી માંગણી ગ્રામજનોમાં ઉઠવા પામી છે. ચિકનગુનીયાના રોગને કારણે આસપાસના વિસ્તારના ખાનગી ડોકટરોને ઘી-કેળા છે. તાજપુર ગામમાં ચિકનગુનીયાએ કહેર વરસાવતા લોકોમાં ફફડાટ સાથે ભય ફેલાયો છે.

# બનાસકાંઠા લોકસભા બેઠક માટે કોંગ્રેસના ક્રિશ્નાબેન ઉમેદવારી પત્ર ભરશે

બનાસકાંઠા લોકસભાની પેટા ચૂંટણીના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર સ્વ. મુકેશભાઈ ગઢવીના ધર્મપત્ની શ્રીમતી ક્રિષ્નાબેન ગઢવી આજે ૧૨.૩૯ કલાકે વિજય મુહૂર્તના સમયે જિલ્લા કલેકટર કચેરી ખાતે મોટી સંખ્યામાં આગેવાનો કાર્યકરોની ઉપસ્થિતિમાં ઉમેદવારી ફોર્મ ભરશે.



બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતેથી મળતી માહિતી મુજબ આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અર્જુનભાઈ મોઢવાડીયા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકી, પાટણના સાંસદ જગદીશ ઠાકોર, મહેસાણા કોંગ્રેસના અગ્રણી સાગર રાયકા, ઈર્શાદ મીરઝા, લઘુમતી સેલ પ્રદેશના ચેરમેન વજીરખાન પઠાણ, સી.જે. ચાવડા, બબલદાસ પટેલ, પ્રવિણભાઈ પટેલ, બનાસકાંઠાના ધારાસભ્યો મહેશભાઈ પટેલ, ધારસિંહ ખાનપુર, કાન્તિભાઈ ખરાડી, જોઈતાભાઈ પટેલ, મણીલાલ વાઘેલા, એ.પી.એમ.સી. ચેરમેન ડીસાના ગોવાભાઈ દેસાઈ બનાસકાંઠા જિલ્લા પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણ, રાયમલજી સોલંકી, સમરથખાન બિહારી, સી.પી. ચૌધરી, પૂર્વમંત્રી એ.કે. પટેલ, માવજીભાઈ પટેલ તેમજ જિલ્લાના કોંગ્રેસના હોદ્દેદારો તથા તાલુકા શહેર કોંગ્રેસના પ્રમુખો તાલુકા જિલ્લાની નગરપાલિકાના પ્રમુખો પૂર્વ ધારાસભ્યો કોંગ્રેસના ડેલીગેટો કાર્યકરો મહિલા અગ્રણી લક્ષ્મીબેન કરેણ, મંજુલાબેન પઢિયાર, નયનાબેન પઢિયાર, તૃપ્તીબેન દવે, તાલુકા પ્રમુખ કરણસિંહ, શહેર પ્રમુખ સુરેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ક્રિશ્નાબેનની ઉમેદવારી ફોર્મ ભરવામાં જોડાશે.

# ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજનો ચતુર્થ સમુહ લગ્નોત્સવ યોજાયો

ભિલોડા, તા.૧૪

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકાના ખુમાપુર-ચિબોડા ગામની બી.જે.તન્ના વિદ્યાલયમાં ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ સેવા ટ્રસ્ટ ધ્વારા ચતુર્થ સમુહલગ્નોત્સવ તા.૧૩/૫/૨૦૧૩ને સોમવારના રોજ ૩૬ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ સેવા ટ્રસ્ટ પ્રમુખ રામસિંહ પરમાર, મંત્રી કેશુભાઈ કોટવાળ, ઠાકોર સમાજ અગ્રણી કાનજીભાઈ બામણિયા, સોમાભાઈ ખાંટ તેમજ પ.પૂ.સંત શિરોમણી લાલજી મહારાજ(વકતાપુર), ધીરદાસ મહારાજ (બોલુન્દ્રા)વાળાએ નવદંપતીઓને આર્શિવાદ પાઠવ્યા હતા.



ઠાકોર સમાજ અગ્રણીઓએ જણાવ્યું હતું કે જ્ઞાતિએ અમારૂ ઘર છે. દરેક જ્ઞાતિજનો અમારા કુંટુંબીજનો છે. સમુહલગ્નોત્સવનો મુખ્ય ઉદ્દેશ એ છે કે સમય, શક્તિ અને સંપત્તિનો બચાવ અવશ્ય થાય છે. સમુહ કન્યાદાન કરવાનો અમુલ્ય લ્હાવો મળે છે. ઠાકોર સમાજનો ચતુર્થ સમુહલગ્નોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ સેવા ટ્રસ્ટ, સમુહ લગ્ન કારોબારી સમિતી, નવદંપતીઓના માતા-પિતા તેમજ ઠાકોર સમાજ અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ઉત્તર ગુજરાત બજાર

| | | |
|---|---|---|
| **તલોદ** | | |
| મકાઈ | ૨૨૦ | ૨૪૪ |
| રાયડો | ૫૪૦ | ૫૬૦ |
| એરંડા | ૬૭૩ | ૬૮૩ |
| ઘઉં | ૨૯૫ | ૩૮૧ |
| બાજરી | ૨૬૫ | ૩૦૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ગવાર | ૧૬૨૫ | ૧૮૧૫ |
| ડાંગર જયા | ૨૯૫ | ૩૦૦ |
| **સલાલ** | | |
| ઘઉં | ૨૯૦ | ૩૪૦ |
| બાજરી | ૨૪૫ | ૨૭૦ |
| ડાંગર જયા | ૨૯૦ | ૩૨૦ |
| ડાંગર ગુંજ | ૩૨૫ | ૩૫૦ |
| ગવાર | ૧૫૫૦ | ૧૬૦૦ |
| **પ્રાંતિજ** | | |
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| ઘઉં | ૨૮૦ | ૩૪૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |
| ડાંગર ગુજ | ૩૨૫ | ૩૫૦ |
| ડાંગર ગુજ | ૨૯૦ | ૩૨૧ |
| **ધનસુરા** | | |
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૬૫ |
| ઘઉં | ૨૯૫ | ૩૫૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ગવાર | ૧૪૦૦ | ૧૭૫૦ |
| **ખેડબ્રહ્મા** | | |
| ઘઉં લોકવન | ૨૯૨ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૦ | ૩૬૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૫ |
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| મગ | ૯૫૦ | ૧૦૧૦ |
| **મોડાસા** | | |
| રાયડો | ૫૨૫ | ૫૯૦ |
| એરંડા | ૬૬૫ | ૬૭૯ |
| બાજરી | ૨૭૫ | ૨૯૭ |
| મકાઈ | ૨૫૦ | ૨૭૮ |
| ઘઉં | ૨૯૫ | ૩૭૧ |
| ગવાર | ૧૭૯૦ | ૧૮૪૯ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૪૫૦ |
| ચણા | ૬૨૦ | ૮૫૭ |
| **ટીંટોઈ** | | |
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૬૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૪૫ |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૩૦ |
| **દહેગામ** | | |
| બાજરી | ૨૯૩ | ૩૦૨ |
| ઘઉં | ૩૦૧ | ૩૪૦ |
| ડાંગર | ૨૮૮ | ૨૯૦ |
| એરંડા | ૬૭૬ | ૬૮૦ |
| ગવાર | ૧૬૫૦ | ૧૬૬૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ |
| તુવેર | ૫૨૫ | ૫૬૫ |
| જુવાર | ૩૧૦ | ૩૭૦ |
| રાયડો | ૫૩૦ | ૫૬૦ |
| **રખિયાલ** | | |
| બાજરી | ૨૯૦ | ૩૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| ડાંગર | ૨૮૫ | ૨૮૮ |
| એરંડા | ૬૭૫ | ૬૭૮ |
| ગવાર | ૧૬૩૦ | ૧૬૪૫ |
| મકાઈ | ૨૨૫ | ૨૪૫ |
| તુવેર | ૫૧૫ | ૬૪૫ |
| જુવાર | ૩૦૦ | ૩૫૦ |
| રાયડો | ૫૧૫ | ૫૪૫ |
| **હિંમતનગર** | | |
| એરંડા | ૬૭૦ | ૬૮૫ |
| ઘઉં | ૩૦૫ | ૪૦૨ |
| બાજરી | ૨૬૦ | ૨૭૯ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૪ |
| ચણા | ૫૮૦ | ૬૨૦ |
| તુવેર | ૭૦૦ | ૧૮૦૨ |
| ડાંગર ગુજ | ૨૩૦ | ૨૬૦ |
| **ઈડર** | | |
| ઘઉં | ૨૯૫ | ૪૦૫ |
| એરંડા | ૬૬૦ | ૬૭૫ |
| બાજરી | ૨૫૫ | ૨૮૦ |
| રાયડો | ૫૫૦ | ૫૬૯ |
| કપાસ | ૮૦૦ | ૮૩૮ |
| તલ | ૧૮૦૦ | ૧૮૬૦ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૫૧ |
| તુવેર | ૬૧૦ | ૬૮૫ |
| સોયાબીન | ૬૮૦ | ૭૦૫ |
| અડદ | ૩૫૦ | ૩૭૨ |
| ચણા | ૬૪૨ | ૬૮૫ |
| જુવાર | ૩૨૫ | ૩૫૫ |
| મેથી | ૫૨૫ | ૫૯૦ |
| મગ | ૮૫૦ | ૯૩૫ |
| **કડી** | | |
| સવા | ૫૯૧ | ૬૩૬ |
| તુવેર | ૭૭૦ | - |
| ઘઉં | ૨૯૦ | ૩૯૨ |
| ડાંગર | ૨૦૦ | ૨૮૦ |
| બાજરી | ૨૮૪ | ૩૦૮ |
| કપાસ | ૮૨૦ | ૯૭૬ |
| ગવાર | ૧૭૭૬ | ૧૮૩૬ |
| એરંડા | ૬૬૫ | ૬૭૨ |
| રાયડો | ૫૬૯ | ૫૮૮ |
| જીરૂ | ૧૮૦૦ | ૨૩૮૦ |
| વરીયાળી | ૧૮૯૮ | ૧૫૫૧ |
| **પાલનપુર** | | |
| ઘઉં | ૨૮૪ | ૪૧૭ |
| બાજરી | ૨૮૯ | ૩૦૫ |
| એરંડા | ૬૫૫ | ૬૭૩ |
| રાયડો | ૫૯૦ | ૬૨૫ |
| વરીયાળી | ૭૦૦ | ૧૭૩૫ |
| રાજગરો | ૭૬૦ | ૯૫૭ |
| **સિદ્ધપુર** | | |
| મેથી | ૪૭૪ | - |
| રાજગરો | ૬૩૦ | ૯૦૪ |
| વરીયાળી | ૭૮૧ | ૮૦૬ |
| જવ | ૨૭૦ | - |
| રાયડો | ૫૮૬ | ૬૬૪ |
| એરંડા | ૬૫૩ | ૬૮૮ |
| ગવાર | ૧૭૨૫ | ૧૯૦૭ |
| ઘઉં | ૨૭૧ | ૪૫૪ |
| બાજરી | ૨૯૦ | ૩૪૦ |
| સવસપ | ૬૫૬ | - |
| જીરૂ | ૨૨૮૨ | ૨૪૩૩ |
| ઈસબગુલ | ૧૧૫૫ | ૧૨૦૫ |
| સવા | ૬૭૫ | ૬૯૮ |
| **વિસનગર** | | |
| ઘઉં | ૨૭૫ | ૪૫૧ |
| બાજરી | ૨૫૦ | ૩૬૦ |
| રાયડો | ૫૩૦ | ૬૫૮ |
| એરંડા | ૬૪૫ | ૬૮૯ |
| ચણા | ૬૩૦ | - |
| કપાસ | ૮૦૦ | ૯૬૫ |
| અડદ | ૪૫૦ | - |
| જુવાર | ૩૩૨ | ૩૭૦ |
| તલ | ૧૭૧૮ | ૧૭૮૧ |
| જવ | ૨૫૦ | ૨૫૫ |
| મેથી | ૫૧૧ | ૫૪૬ |
| ગવાર | ૧૬૦૫ | ૧૮૯૫ |
| **મહેસાણા** | | |
| જવ | ૨૫૦ | - |
| જુવાર | ૩૬૧ | - |
| ઘઉં | ૨૯૦ | ૩૯૨ |
| જીરૂ | ૨૦૧૯ | ૨૩૫૨ |
| રાયડો | ૫૨૭ | ૬૩૯ |
| મેથી | ૫૨૩ | ૫૩૮ |
| સવા | ૫૯૧ | ૭૦૫ |
| વરીયાળી | ૮૯૦ | - |
| બાજરી | ૨૭૦ | ૨૯૩ |
| એરંડા | ૬૬૧ | ૬૭૬ |
| અજમો | ૪૭૦ | ૧૨૬૦ |
| ગવાર | ૧૭૯૦ | ૧૭૩૩ |
| બંટી | ૩૬૦ | - |
| **કલોલ** | | |
| ઘઉં | ૨૯૮ | ૩૭૦ |
| એરંડા | ૬૬૫ | ૬૮૩ |
| બાજરી | ૨૭૬ | ૩૧૦ |
| રાયડો | ૫૮૪ | ૬૦૧ |
| ડાંગર | ૨૭૭ | ૩૮૦ |
| ગવાર | ૧૮૨૦ | ૧૮૪૬ |
| જુવાર | ૩૨૫ | ૩૪૦ |
| જવ | ૨૨૭ | ૨૪૦ |
| **બાયડ** | | |
| એરંડા | ૬૪૦ | ૬૬૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૯૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૦ |
| ગવાર | ૧૬૦૦ | ૧૭૦૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| **પાટણ** | | |
| જીરૂ | ૧૭૫૦ | ૨૪૫૪ |
| વરીયાળી | ૭૫૦ | ૧૩૬૧ |
| બંટી | ૪૦૦ | ૪૩૪ |
| એરંડા | ૬૫૫ | ૬૮૦ |
| સવા | ૫૨૫ | ૫૫૬ |
| મેથી | ૫૦૦ | ૫૭૧ |
| રાયડો | ૫૫૦ | ૬૬૯ |
| ઘઉં | ૨૯૩ | ૪૪૮ |
| બાજરી | ૩૦૦ | ૩૨૩ |
| કપાસ | ૮૩૦ | ૯૯૭ |
| **ઊંઝા** | | |
| અસાળીયો | ૬૯૦ | ૭૫૦ |
| જીરૂ | ૨૦૫૦ | ૨૮૬૧ |
| વરીયાળી | ૯૦૦ | ૨૩૪૧ |
| ઈસબગુલ | ૧૧૬૫ | ૧૬૭૦ |
| સરસવ | ૬૩૨ | ૬૫૧ |
| રાયડો | ૫૩૫ | ૬૩૬ |
| તલ | ૧૮૬૫ | ૧૮૭૧ |
| સવા | ૬૦૦ | ૭૩૧ |


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેકટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેકટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮